**અમદાવાદના મે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧ અમદાવાદ સમક્ષ.**

**ક્રી.કે.નં. ૮૦૭૩૮/૧૭**

ફરીયાદી શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી આનંદ રામુનાથ રાવળ.

ચાર્જ આઈ.પી.સી.કલમ–૨૮૩.

**ઠરાવ**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તાઃ ૨૮/૩/૧૭ ના કલાક. ૧૨.૩૦ વાગ્યાના સુમારે પોતાના કબજાની પુરીશાકની લારી રોડ ઉપર આવતા જતા રાહદારીઓ તથા ટ્રાફીકને અડચણ થાય તે રીતે ઉભી રાખી ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ રજુ થતા આરોપીને પેપર્સ આપવામાં આવેલ છે અને આજ રોજ આરોપીએ હાજર થઈ અને તેના ગુન્હાનો અહેસાસ કરતા અને આરોપીની પ્લી લેતા આરોપીએ તેમના વિરુધ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે તેમજ કબુલાત અંગે કસુરવાન ઠેરવ્યા સિવાય કોઈ વિકલ્પ નથી પરંતુ આરોપી તેમના ગુન્હાનો અહેસાસ કરે છે અને તેમની સાથે ભવિષ્યમાં ફરી ગુન્હો નહી કરે તેવી બાંહેધરી આપે છે ત્યારે આરોપીના સંજોગો નિગાહે લેવામાં આવે છે અને સુધરવાની તક આપવા માટે સખ્ત સજા નહી કરતા દંડની સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપીને આઈ.પી.સી.કલમ–૨૮૩ ના ગુન્હા માટે સી.આર.પી.સી.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠેરાવવામાં આવે છે અને આરોપીને રુા.૨૦૦/– અંકે રુપિયા.બસો પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. દંડ ન ભરે તો દિન.પાંચની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ તાઃ ૧૭ મી , માહેઃ માર્ચ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૩/૨૦૧૮
અમદાવાદ.
VB VALA, PA.

(મોહંમદસલીમ હબીબખાન પઠાણ),
જીજે૦૦૮૧૧
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજી.કોર્ટ નં.૧
ઘીકાંટા અમદાવાદ.